Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૦ • તા. ૧૪ મે ૨૦૧૮ થી ૨૦ મે ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## અનંત આરોગ્ય નિધિ - દેવલાલીમાં પ્રતિષ્ઠા પામતું ધ્યાનાલયની ઘૃત ઉછામણીની ઝલક (તા. ૧-૫-૨૦૧૮)


દિપ પ્રાગટ્ય કરી રહેલાં સર્વે ટ્રસ્ટી


સંસ્થાની માહિતી આપતા સેક્રેટરી શ્રી રાજીવ લુઠીયા


જ્ઞાતિજનોને આવકારતાં ચેરમેન શ્રી પારસભાઈ મૈશેરી


અનંત આરોગ્ય નિધી ટ્રસ્ટ તરફથી સંઘ પૂજન


વિમલનાથ ભગવાનના મહાપૂજનના લાભાર્થી શ્રી પ્રમોદભાઈ, શ્રી પૂર્વેશભાઈ, શ્રી પરેશભાઈ


ઉપાશ્રયના લાભાર્થી પરિવાર તથા પંચતિથી પધરાવનાર માતુશ્રી મીઠીબાઈ દેવશી કચરા ડાઘા પરિવાર


પદમપ્રભુ સ્વામી ભગવાન ભરાવનાર માતુશ્રી ઇંદિરાબેન જયંતિલાલ હ. હૌશી જિનાલી નયન વિકમશી


નેમીનાથ ભગવાન ભરાવનાર તથા પ્રતિષ્ઠાનો લાભ લેનાર માતુશ્રી કસ્તુરીબેન રામજી ખોના પરિવાર


મુનિમજીનો ચડાવાનો લાભ લેનાર શ્રી રાજીવ જયચંદ લુઠીયા પરિવાર


લાભાર્થીના બહુમાનનો ચડાવાનો લાભ લેનાર શ્રી જેઠાભાઈ રાજપાર મૈશેરી


ભરત ચક્રવર્તી ભોજન કક્ષ અને કંપિલપુરી તીર્થ નગરી શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર


પ્રસંગ માણતાં જ્ઞાતિજનો

## અનંત આરોગ્ય નિધિ - દેવલાલીમાં પ્રતિષ્ઠા પામતું ધ્યાનાલયની ઘૃત ઉછામણીની ઝલક (તા. ૧-૫-૨૦૧૮)



સુવિધીનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ લેનાર
માતુશ્રી રતનબેન પાસવીર નરશી લુઠીયા પરિવાર



પદમપ્રભુ સ્વામીની પ્રતિષ્ઠા લાભાર્થી પરિવાર
શ્રી ધારશી હિરજી પરિવાર



પ્રભુભક્તિ માણતાં શ્રોતાજનો



પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનો લાભ લેનાર
માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા પરિવાર
સાથે માતુશ્રી રતનબેન જયચંદ લુઠીયા પરિવાર



પધારેલ મહેમાનોને આર્શિવચન આપતા
પ.પૂ. જયદર્શિતાજી મ.સા., પ.પૂ. હેમાંશુશ્રીજી મ.સા.
પ.પૂ.હર્ષનિધીશ્રીજી મ.સા., પ.પૂ. શ્રેયસ્કરાશ્રીજી મ.સા.



વિમલનાથ ભગવાન મહાપૂજન લાભાર્થી
માતુશ્રી નવલબેન વીરચંદ મોમાયા અને
માતુશ્રી સદ્‌ગુણાબેન મુલચંદ લોડાયા



લિખિતન દસ્તખતનો ચડાવો
શ્રીમતી ભારતીબેન પારસ મૈશેરી પરિવાર



ટ્રસ્ટીગણ પોતાના કુટુંબ સાથે



મહારાજ સાહેબના આશીર્વાદ લેતા
અનંત આરોગ્ય નિધીના વર્તમાન ટ્રસ્ટીઓ

## દેવલાલી મુકામે નવગ્રહ ધ્યાનાલયના ચલ પ્રતિષ્ઠાની એક ઝલક (તા. ૨૩-૪-૨૦૧૮)











**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 20/2018**

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

## પ્રથમ જ્ઞાતિ સંમેલન

**(૭૧ વર્ષ પહેલાં, ૧૭,૧૮ અને ૧૯ ઓક્ટોબર ૧૯૪૭ના મુંબઈમાં પ્રથમ જ્ઞાતિ સંમેલન મળ્યું તેની પૂર્વભૂમિકાનો સંક્ષિપ્ત ચિતાર આપતો લેખ અત્રે પ્રસ્તુત છે)**

જ્ઞાતિ હિતાર્થે સમસ્ત જ્ઞાતિનાં ભાઈબેના એકત્ર થયા હોવાના પ્રસંગો આપણે યાદ કરીએ તો તે બહુ જૂજ છે.

સમસ્ત જ્ઞાતિ એકત્ર થવાનો પહેલો પ્રસંગ સં. ૧૯૦૦ની સાલમાં (૧૭૪ વર્ષ પહેલાં) ઉપસ્થિત થયો હતો. આ સાલમાં શેઠ નરસી નાથા તરફથી નલીયા મધે સમસ્ત જ્ઞાતિને સ્વામિવાત્સલ્ય જમણ આપવામાં આવ્યું હતું. આ તકનો લાભ લઈ જ્ઞાતિના સામાજિક રીતરિવાજોમાં સમયોચિત ફેરફાર કરવામાં આવ્યા. આમાં મુખ્યત્વે વિધવા પુનર્લગ્ન અને કન્યા વિક્રયનો રિવાજ બંધ કરવામાં આવ્યો. આ પ્રસંગ પહેલાં સમસ્ત જ્ઞાતિ એકત્ર થઈ હોવાનો ઉલ્લેખ મળતો નથી.

શેઠ નરસી નાથાના મુંબઈ આગમન પછી જ્ઞાતિનો સારો જેવો ભાગ પરદેશ ખેડવા લાગ્યો અને તેથી કચ્છ અને પરદેશમાં વસતા ભાઈઓના રીતરિવાજોમાં ફરક પડતો ગયો. કચ્છને અનુકૂળ એવા સુધારા વધારા કચ્છ સમસ્તનાં મહાજનો એકત્ર મળીને કરતાં, દેશાવરોના જ્ઞાતિભાઈઓને મુંબઈ મહાજન દોરવણી આપતું, જ્યારે હાલાર જ્ઞાતિના મોટા ભાગથી દૂર એકલું પોતાને અનુકૂળ રીતરિવાજો બાંધતું.

સં. ૧૯૨૪ની સાલમાં (૧૫૦ વર્ષ પહેલાં) મુંબઈ મહાજને રીતરિવાજોનો પ્રથમ ખરડો પ્રસિદ્ધ કર્યો. ત્યારબાદ કચ્છ અને મુંબઈનાં મહાજને સં. ૧૯૬૮ની સાલમાં (૧૦૬ વર્ષ પહેલાં) ધરખમ સુધારા કર્યા હોવાના પૂરાવા મળે છે.

કચ્છમાં વખતો વખત મેળાઓ થતા તેમાં જ્ઞાતિ પ્રશ્નો અંગે કંઈ ખાસ ઉલ્લેખ થયેલો જણાતો નથી. મુંબઈ મહાજનમાં બે પક્ષો પડ્યા પછી કલકત્તા જૈન કોન્ફરન્સ વખતે સમસ્ત જ્ઞાતિને એકત્ર કરી જ્ઞાતિ માટે કંઈક કરવું એવી ખ્વાહેશ સં. ૧૯૭૩માં (૧૦૧ વર્ષ પહેલાં) શ્રી ખેતસી ખીયસી, જે.પી. એ બતાવી હતી પરંતુ નોંધવા લાયક કંઈ પણ બન્યું નહીં.

સને ૧૯૨૬માં (૯૨ વર્ષ પહેલાં) ફ્રેન્ડલી યુનિયન તરફથી જ્ઞાતિમાં એક પ્રશ્નાવલિ દ્વારા જ્ઞાતિ સંમેલનની જરૂરિયાત વિષે ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી હતી. સઘળી દિશાઓમાંથી સંમેલનની જરૂરિયાત પિછાણવામાં આવી હતી, પરંતુ એ કાર્ય ઘણું જવાબદારીભર્યું જણાતા પ્રથમ પગથિયા તરીકે યુવાનોનું સંગઠન સાધી આગળ કાર્ય ધપાવવાનું નક્કી કરવામાં આવ્યું. તદનુસાર સને ૧૯૨૮માં (૯૦ વર્ષ પહેલાં) પ્રથમ યુવક સંમેલન મુંબઈ ખાતે ધુલીઆવાળા શ્રી ગોવિંદજી ખીમજીના પ્રમુખપદે મળ્યું. આ પ્રસંગે શ્રી શામજી હેમરાજ સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે અને મંત્રીઓ તરીકે દાક્તર વેલજી પાશ્વીર ગોશર ('પ્રકાશ'ના આદ્ય તંત્રી) અને શ્રી પુનસી વેરસી શાહ અને બીજાઓએ ભારે ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું હતું. પરંતુ યોગ્ય જાગૃતિના અભાવે જે કાર્ય સાધવાનું હતું તે તરફ ખાસ કંઈ થયું નહિ.

છેલ્લાં વીસ વર્ષોમાં કચ્છ, હાલાર, દેશાવર તથા મુંબઈમાં વસતા જ્ઞાતિભાઈઓને એકત્ર કરવાની સૂચનાઓ વખતોવખત થતી રહી હતી. પરંતુ આ કાર્ય માટે વ્યવસ્થિત અને પદ્ધતિસર યોજના હાથ ધરવામાં ન આવે તો એ કાર્ય સફળ ન બની શકે એ સ્વાભાવિક હતું, એટલે તે માટે કોઈએ પણ અત્યાર સુધી હામ ભીડી નહોતી. આ કાર્ય આખરે મુંબઈ મહાજને માથે લીધું....

– (**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંમેલન**'ની સ્મરણિકા પુસ્તકમાંથી સાભાર)

## વિદાય વેળાએ નેક કામ કરવાનો અહેસાસ

માનવસેવાને મહેંકાવતા માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દશ વરસથી માનવ મૃતદેહોની 'સ્વર્ગયાત્રા'ની સુવિધા આપે છે. હોસ્પિટલ કે ઘરેથી મૃતદેહોને સન્માનપૂર્વક સ્માશાને લઈ જવા આ વાહનનો લોકો ઉપયોગ કરે છે.

છેલ્લા બે માસથી ઉદારદિલ દાતા શ્રી સુંદરજી મુલજી શાહ (કચ્છ-સણોસરા) દ્વારા અનુદાનમાં આપેલ નુતન ટાટા વાહનને જુનાગઢથી અત્યંત આધુનિક કલાત્મક આકર્ષક ડીઝાઈનવાળા કલરફુલ વાહનરૂપે શણગારવામાં આવેલ છે. તે માટે અમે દાતાના ઋણી છીએ.



કોઈ પણ પ્રકારના નાત જાતના ભેદભાવ વિના મુલુંડ-ભાંડુપ-થાણેની જનતા આ સ્વર્ગયાત્રા વાહનનો ઉપયોગ કરી શકે છે જે માટે વળતર રૂપે માનવજ્યોત સંસ્થા અનુદાન સ્વીકારે છે, જેની પાકી પહોંચ અમારા ડ્રાઈવર આપી દે છે. આ અનુદાનની રકમમાંની બચત, કેન્સરની ભયાનક પીડામાંથી મુક્તિ અર્થે રેડીએશન અને કેમોથેરપીની સારવારમાં, હાર્ટની ગંભીર બીમારીમાં ત્રસ્ત દરદીઓની બાયપાસ, એન્જીયોપ્લાસ્ટી જેવી સર્જરીમાં કે ડાયાલીસીસની સારવાર કે મોંઘા ઈંજેક્શન-દવાઓ લેવામાં, દરદીને મદદરૂપ બનવાનો નમ્ર પ્રયાસ છે. પ્રત્યેક દરદીને રૂા. ૧૦૦૦/-ની આર્થિક સહાય હૉસ્પિટલના નામે ચેકથી અપાય છે. તે ઉપરાંત એક ભલામણ પત્ર અને સાથે મુંબઈમાં કાર્યરત એવા ૩૦૦ વધુ થી ટ્રસ્ટો, એનજીઓ, વ્યક્તિગત દાતાઓ, સંસ્થાઓ, વિગેરેની માહિતીની એક પુસ્તિકા માર્ગદર્શિકા રૂપે અપાય છે. આ પુસ્તિકાનો બરાબર ઉપયોગ કરતાં રૂા. ૩૦,૦૦૦/- થી રૂા. ૫૦,૦૦૦/- જેટલી મોટી રકમ દરદી સારવારાર્થે મેળવી શકે છે. તેથી દરદીઓનું કાર્ય સરળ બને છે.

આ સંસ્થાને દરદીના સ્વજનો તેમને ત્યાં બચેલી વધેલી કે અડધી વપરાયેલી દવાઓ ઉપરાંત પુનઃ ઉપયોગમાં આવે તેવા સારા વસ્ત્રો પણ જરૂરતમંદના કલ્યાણમાં વાપરવા આપે છે. ઉક્ત બધી દવાઓ માનવજ્યોતના કાર્યલયમાં સોમ થી શુક્ર દવા લેવા આવતા દરદીનારાયણને ડૉક્ટરના પ્રીસ્કીપશન મુજબ વિનામુલ્યે અપાય છે. વિદાય લીધેલી વ્યક્તિના વસ્ત્રો, દવાઓ વિગેરે આ સંસ્થા સ્વયંના ખર્ચે ટ્રાન્સપોર્ટમાં ગુજરાત મહારાષ્ટ્રની ૧૫૦ જેટલી સંસ્થાઓને જરૂરતમંદ લોકોને વહેંચવા મોકલી આપે છે.

જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે દિવસ-રાત કોઈપણ સમયે 9321161162 ઉપર ગણેશભાઈ અને 9820151903 પર રામભાઈને ફોન કરતાં આ વાહન સેવા મળી શકે છે.

**– સીએ કુલીનકાંત ચાંપશી લુઠીયા,** સામાજીક કાર્યકર


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા 'જીવનચક્ર' કાર્યક્રમ યોજાયો



ઉદ્‌બોધન કરી રહેલા ડૉ. કેરૂલ ઝવેરી



પ્રમુખ સરસ્વતી લાપસીયા



ઉદ્‌બોધન કરી રહેલા સીએ અતુલ ભેદા



માનદ્‌મંત્રી ચંદ્રિકા ચેતન લોડાયા



અતુલ ભેદાનું બહુમાન કરી રહેલા ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હિરાચંદ દંડ

૨૮-૪-૨૦૧૮ના કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા ગુજરાતી કળખ માટુંગા ખાતે 'જીવનચક્ર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. કેરૂલ ઝવેરીએ ચક્ષુદાન અને ત્વચાદાન અંગે માર્ગદર્શન આપ્યુ તથા સમાજની સેવાર્થે ચક્ષુદાન તથા ત્વચાદાન માટે આગળ આવવા અનુરોધ કર્યો.

સી.એ. અતુલ ભેદાએ 'જનરેશન ગેપ' વિષય ઉપર કચ્છી ભાષામાં રસપ્રચુર, હળવું પ્રવચન આપ્યું. તેમણે ખાસ જણાવ્યું કે પરિવર્તન અંગે આપણો દૃષ્ટિકોણ બદલવો જોઇએ અને નવા પરિવર્તનોનો સ્વિકાર કરવો જોઇએ.

કે.ડી.ઓ. ક્લાસીકના પ્રમુખ શ્રીમતી સરસ્વતી જયંત લાપસીયાએ સભ્યોને આવકાર્યા હતા. માનદ્‌મંત્રી શ્રીમતી ચંદ્રિકા ચેતન લોડાયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતુ. ભૂતપૂર્વ પ્રમુખ એડ. શ્રીમતી મીનલ ભરત ખોનાએ ડૉ. કેરૂલ જવેરી અને ભૂતપૂર્વ પ્રમુખ સી.એ. હિરાચંદ દામજી દંડએ સી.એ. અતુલ ભેદાનું સન્માન કર્યું હતું.

## સોનમનાં મેંદી-ડિઝાઇનર વીણા નાગડા



સોનમ કપૂરના અઢળક ફોટોગ્રાફ્સ છાપાંઓમાં છપાઇ રહ્યા છે, સોશ્યલ મીડિયા પર ફરી રહ્યા છે અને ન્યુઝ-ચૅનલો પર છવાઇ રહ્યા છે એમાં તમે તેના હાથો પર લાગેલી મેંદી જોઇ ? મસ્ત ડિઝાઇનવાળી આ મેંદી વીણા નાગડાએ મૂકી છે. જોકે એમાં કોઇ નવાઇની વાત નથી. સોનમનાં લગ્નનો પ્રસંગ હોય અને એ નિમિત્તે મેંદી મૂકવાની હોય એટલે કપૂર ફૅમિલીને વીણા નાગડા જ યાદ આવે. એનું કારણ એ છે કે બૉલીવુડનાં મેંદીક્વીન કહેવાતાં વીણા નાગડાને તેમની સાથે ઘણો જૂનો સંબંધ છે. સોનમ નાની બચ્ચી હતી ત્યારે પણ વીણાબહેન તેને મેંદી મૂકી ચૂક્યાં છે અને વચ્ચે પણ તેમને સોનમને મેંદી મૂકી હતી. વીણા નાગડા આ રવિવારે સોનમને મેંદી મૂકી રહ્યાં હતાં ત્યારે તેમની ટીમની મેંદી મૂકવાવાળી ગર્લ્સને સંબોધીને અનિલ કપૂરે એટલે જ કહ્યું હશેને કે વીણાબહેન અમારા માટે મેંદી-આર્ટિસ્ટ નહીં પણ એક ફૅમિલી-મેમ્બર જેવાં છે.

-'' **ગુજરાત મિડ-ડે**''માંથી સાભાર


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229




# શ્રધ્ધાંજલિ

**સ્પષ્ટ વકતા, સહૃદયી સ્વજન, નિર્મળ વડીલ, પ્રમાણિક અને પ્રેમાળ સાથી, ઉજળા ઉમંગી અને ઉદાહરણ-રૂપ સમાજ સેવક, જ્ઞાતી પ્રેમી, વિશાળ કુટુંબના પથદર્શક , મનગમતા અને છલકાતા સ્મિતવાળા સ્વજન, સેવાના ભેખધારી, ધર્મભાવનાની જીવંત મુર્તિ, સામાજીક પ્રવૃત્તિઓથી સૌના લાડકા , અને જીવનમાં કાંઈક કરી જવાની તમન્ના વચ્ચે આદર્શ જીંદગી જીવી જનાર**

## સ્વ.શ્રી ખીરેન્દ્ર ગોવિંદજી લોડાયા

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે. મૃત્યુ પામે છે માણસ, પણ સત્તકર્મ જીવે છે. કેટલું નહી પણ કેવું જીવ્યા ! તેના લેખા જોખા કરતા.

આજે કે.ડી.ઓ. સમાજ ની એક પણ એવી પ્રવૃત્તિ નથી જેમાં ખીરૂમામાનું નામ જોડાએલુ ના હોય. વડોદરા આપણા સમાજની સ્થાપના થી અત્યાર સુધી પાયાના મજબુત સ્થંભ સમા ખીરેન્દ્રભાઈ કારોબારી સભ્ય હતા, દેરાસર સમિતિ મા પણ એક એન્જીનિયર તરીકે તેમનો સિંહ ફાળો હતો, તથા હાલમાં બાધકામ સમિતિના કિ મેમ્બર તરીકે સેવા આપતા હતા.

**શ્રી વડોદરા કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ માટે કદીયે ના પુરાય એવી ખોટ પડી છે.**

વિધાતાના આ નિર્ણયથી અમે આટલા વ્યથીત થઈ ગયા છીએ તો આપ એમનાં કુટુંબી છો, સ્વજન છો તો આપની આંતરિક વેદના કેવી હશે ?

અચાનક આવી પડેલી આ કારમી વેદનાને, સહન કરવાની શાસનદેવ આપ સૌને શક્તિ આપે

અને આ પુણ્યશાળી સદ્‌ગતનું સ્વર્ગારોહણ આપણને ધર્મ ચિંતનનું નિમિત્ત બને એવી અંતઃ કરણથી પ્રાર્થના

તથા પરમ કૃપાળુ પરમાત્મા એમની આત્માને પરમશાંતી અર્પે.

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

લિ. **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ – વડોદરા સમસ્ત જ્ઞાતિ જનો**

## ભાઈબંધ – મેળાવે મેં કિયં રિસાણા

| | | |
|---|---|---|
| ઠાકરશી પદમશી પનપારીયા | શાંતીલાલ કલ્યાણજી લોડાયા | રતીલાલ પદમશી પનપારીયા |
| હીરેન્દ્ર કાંતીલાલ મોતા | ચન્દ્રકાંત હિરજી ખોના | પ્રદીપ વેલજી દંડ |
| નવિનચંદ્ર ઠાકરશી ધરમશી | નીશીથ આણંદીલાલ દંડ | લહેરચંદ કુંવરજી મૈશેરી |
| કેતન–પ્રવિણ ભારમલ લોડાયા | ભરત ચત્રભુજ લોડાયા | કિશોર કાનજી ધુલ્લા |
| વીણા સમીર ખોના | હિરજી કેશવજી નાગડા | રોહિન રતીલાલ ધુલ્લા |
| ચંદ્રેશ દિનેશ નાગડા | | જંયત વેલજી પટેલ |

## આરોગ્ય પ્રકાશ : માઈક્રોન્યુટ્રીન્ટસ્ : વિટામીન્સ અને મિનરલસ્ – ૧

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

ખોરાકના મુખ્ય ઘટકો પ્રોટીન કાર્બોદીત પદાર્થ (કાર્બોહાઈડ્રેટ) અને ચરબી યોગ્ય પ્રમાણમાં લેવા અને જરૂર પુરતી કેલરી લેવા છતાં અમુક રોગો થતાં હતા, તેવી વૈજ્ઞાનિકો વિચાર કરવા લાગ્યા અને વધારે તપાસમાં ખબર પડી કે જે લોકો લીલા શાકભાજી, તાજા ફળો, આખું અનાજ, તેલીબિયાં, સુકોમેવો, નોનવેજ આયટમ ખાતા હતાં તેમને કોઇ રોગ નહોતા થતાં. પછી વધુ તપાસ કરતાં વિટામિન્સ અને મિનરલ્સની શોધ થઈ જેને માઇક્રોન્યુટ્રીઅન્ટસ્ કહે છે. માઈક્રોન્યુટ્રીઅન્ટસ્ મુખ્યત્વે બે પ્રકારના હોય છે, જે વિટામિન અને મિનરલ્સ તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત ઓર્ગેનિક ઍસિડ, ફ્લોવેનોઇડ્સ કેરેયેનોઇડ્સ, લાયકોપેન્સ વગેરે પણ માઇક્રોન્યુટ્રીઅન્ટસ્ ગણાય છે. શરીરની રસાયણિક ક્રિયા સંતુલિત રાખવા માટે અને રસાયણિક પ્રક્રિયા કરવા જે તત્વો જરૂરી છે તેને માઇક્રોન્યુટ્રીઅન્ટસ્ કહેવાય છે. વિટામિન્સ એટલે માનવ શરીરના સંચાલનમાં મદદ કરનારા અલ્પ પ્રમાણમાં લેવાતા શરીર માટે ખૂબ જરૂરી ઓર્ગેનીક પદાર્થો. વિટામીન્સ અને મિનરલ્સને લીધે શરીરની વૃદ્ધિ થાય છે ચયાપચય (મેટાબોલીઝમ)ની ક્રિયા થાય છે અને શરીરમાં એન્ઝાઇમ અને હોર્મોન બને છે. આ ઉપરાંત વિટામીન્સ અને મિનરલ્સ બીજી ઘણી રીતે આરોગ્ય માટે ઉપયોગી છે. શરીર વિટામીન્સ નથી બનાવતું એટલે ખોરાક દ્વારા લેવા જોઇએ. ફક્ત વિટામીન 'ડી' ત્વચા પર સૂર્યનો તડકો પડે તો શરીરમાં બને છે. આ વિટામીન્સ અને મિનરલ્સ ખોરાકમાંથી કે બજારમાં મળતી ગોળી, ઇંજેક્શનથી મેળવવા જોઇએ. ખોરાકમાં ખૂબ થોડા પ્રમાણમાં વિટામીન્સ અને મિનરલ્સ હોય છે. માનવ શરીરની વૃદ્ધિ, પ્રજનન અને એવા અનેક કાર્યો માટે વિટામીન્સ અને મિનરલ્સ ખૂબ જરૂરી છે. ખોરાકમાં યોગ્ય પ્રમાણમાં વિટામીન્સ અને મિનરલ્સ ન હોય તો શરીરમાં તેની ઉણપ થશે અને જાતજાતની બિમારી લાગુ પડશે.

હવે આપણે વિટામિન્સ વિશે જાણીએ. વિટામીનના બે પ્રકાર છે પાણીમાં ઓગળે એવા (Water Soluble) અને ચરબીમાં ઓગળે એવા (Fat Soluble) વિટામિન 'A','K','E' અને 'D' ચરબીમાં ઓગળે એવા વિટામીન છે બાકીના બીજા પાણીમાં ઓગળે એવા છે. વિટામીન અને તેના પ્રકાર એન્ઝાઇમ સાથે જોડાઇ કૉએન્ઝાઇમ બનાવે છે દા.ત. વિટામીન B2 અને B3 એનેડી અને એફેડી નામના કૉઅન્ઝાઇમ બનાવે છે.

**વિટામીન A (Retinol) :** આ વિટામીન બધાજ પીળા – ખોરાકમાં ખાઈ શકાય એવા – ગાજર, પપૈયું, શક્કરીયા, ટેટી, સંતરા, હળદર, પીચ, નારંગી તે ઉપરાંત લાલ કોબી, ફ્લાવર, લીલા પાંદડા વાળી ભાજી, ટમેટાં, વગેરે માંથી મળે છે. આ વિટામીનની ખામી હોય તો આંખોની તકલીફ થાય, સાંજે ઓછું દેખાય, ત્વચા સુકાઇ જાય, થાક લાગે, ઉબકા આવે, આંખે અંધારા આવે, ભુખ ન લાગે, અત્યંત ઓછું હોય તો ટી.બી. થાય.

**વિટામીન B1 (થાયામીન) :** આખા ઘઉંની બ્રેડ (હોલ વ્હીટ બ્રેડ), અળદ, મકાઇ, વટાણા, રિંગણા, ટમેટાં, ચણા, છડ્યા વગરના ઘઉં, મગફળી, સોયાબીન, મશરૂમ, લેટુસ વગેરે માંથી મળે. આ વિટામીનની ખામી હોય તો પગમાં બળતરા થાય. હાથપગમાં નબળાઇ લાગે, હૃદયના ધબકારા વધે, શરીરપર સોજા આવે, ભુખ ઓછી લાગે, થાક લાગે અને ઉબકા-ઉલ્ટી જેવી પેટની તકલીફ થાય.

**વિટામીન B2 (રાઇબોફ્લેવીન) :** આ વિટામીન બદામ, ચીઝ, ચણા, વટાણા, પાલક, વાલ, તુવેર, સોયાબીન અને તેનું પનીર, યોગર્ટ (દહીં) દુધ, મશરૂમ, તડકામાં સુકવેલા ટમેટાં, આ સર્વમાંથી મળે છે. આ વિટામીનની ખામી હોય તો મોંના ખૂણા અને હૉઠ પર ચીરા પડે, ચામડી પર ખંજવાળ આવે, અજવાળામાં ઓછું દેખાય (ફોટોસેન્સીટીવીટી), ચિંતા થાય, ભૂખ ન લાગે, થાક લાગે, માથું દુઃખે અને માઇગ્રેનની તકલીફ થાય.

**વિટામીન B3(નાયાસીન) :** આ વિટામીન મશરૂમ, મગફળી, લાલ ચોખા, મકાઇ, લીલા પાંદડાવાળી ભાજી, બટેટા, સકકરિયા, તુવેર, જવ, ગાજર, બદામ, કાકડી, પીરા વગેરેમાંથી મળે છે. શરીરમાં વિટામીન B3 ની ખામી હોય તો ખંજવાળ જેવા ચામડીના રોગ થાય ઝાડા થાય, પેટની ગડબડ અને યાદશક્તિની તકલીફ થાય.

(ક્રમશઃ)

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : **2402 5070 / 86522 39537**

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

**સોમવાર બંધ**

**લગ્ન સંબંધી**

મહારાષ્ટ્ર દેશાવર સ્થિત ૧૯૮૮ બોર્ન કુંવારા બી.કોમ, પોતાનો વ્યવસાય ધરાવતા યુવાન માટે યોગ્ય સંસ્કારી, કન્યા આવકાર્ય વડીલો, ફોટો – બાયોડેટા સાથે સંપર્ક કરે. મો.: **09822375843**

# અનંત આરોગ્ય નિધી – દેવલાલી


શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સેનેટરીયમ, લામ રોડ, ટોલ નાકા નં. ૬,
દેવલાલી, નાશીક -૪૨૨ ૦૦૧. E-mail : dharamshi@gmail.com


ANANT AROGYA NIDHI

અનંત આરોગ્ય નિધી – દેવલાલી – ફકત આરોગ્ય માટે સ્થાપાયેલ સંસ્થા આજે આરોગ્ય સાથે પ્રભુ ભક્તિનું પણ સોપાન સર કરે છે. આરોગ્ય સુધારવા અને સાથે સાથે પ્રભુ ભક્તિ માણવા પણ હવે લાંબે જવાની જરાય જરૂરત નહીં રહે પણ આપણા જ સંકુલમધ્યે આ અનન્ય સેવા મળી રહેશે.

અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના અસીમ આશીર્વાદ સાથે **પ.પૂ. શ્રી જયદર્શિતાજી મ.સા.** તેમજ **પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.**ના સંપૂર્ણ નેતૃત્વ અને માર્ગદર્શન થી **નવગ્રહ જિનાલયનું નવ ભગવાન**નું નિર્માણ પૂર્ણતાને આરે આવીને ઉભેલ છે.

તા. ૨૩-૪-૨૦૧૮ના ૧૨ બગીઓના સુંદર સથવારે દેવલાલી મધ્યે **ચલ પ્રતિષ્ઠા**નું ઉત્કૃષ્ઠ આયોજન કરેલ.

ખૂબજ ધૂમધામથી અને અત્યંત આનંદ અને હર્ષોલ્લાસપૂર્વક તા. ૧-૫-૨૦૧૮ના ઘાટકોપર મધે પ્રભુજીની પ્રતિષ્ઠાની ઘૃત ઉછામણી સંપૂર્ણ ચડતા ભાવ, અને હૃદયના ઉત્કૃષ્ઠ ભાવથી રંગેચંગે પૂર્ણ થઇ.

તા. ૧૮-૧-૨૦૧૯ થી ૨૪-૧-૨૦૧૯ સાત દિવસનો પ્રતિષ્ઠા મહોત્સવની તાડમાર તૈયારી અને સુઆયોજનની અત્યારથી જ શરૂઆત થઈ ગઇ છે.

આરોગ્યધામમાં અત્યારસુધી ફક્ત ૧૨ જ રૂમ ઉપલબ્ધ હતી જે ઘણી જ ઓછી પડતી હતી. અને વર્તમાન પરિસ્થિતિને અનુકુળ રૂમની વધારે જરૂરાત રહેતા, બીજા અન્ય ૧૪ રૂમોનું નવનિર્માણ સાથે લગભગ ૧૬૦૦ ફુટનું અત્યાધુનિક વિવિધલક્ષી હૉલનું પણ નિર્માણ થઈ રહ્યું છે.

નાસિક-દેવલાલીમાં આપણી જ્ઞાતિ માટે આવી કોઈપણ સુવિધાજનક હૉલ ન રહેતાં આ હૉલ નાસિક-દેવલાલીમાં વસતા જ્ઞાતિજન માટે **એક અદ્વિતિય સંભારણું** બની રહેશે. જેમાં નાસિક-દેવલાલી ઉપરાંત મુંબઈ તથા ખાનદેશમાં વસતા જ્ઞાતિજનો માટે આશિર્વાદ સ્વરૂપ રહેશે. અને ખૂબજ ઉપયોગી રહેશે.

અનંત આરોગ્ય નિધીના સર્વે ટ્રસ્ટીઓએ અથાગ મહેનત અને દૂરંદ્વેશીનો ઉપયોગ કરી આપણા સમાજ માટે આ ''**નજરાણું**'' આરોગ્ય સાથે પ્રભુ ભક્તિ એક જ સંકુલ હેઠળ રજુ કર્યુ.

જ્ઞાતિજનોના સંસ્થા પ્રત્યે અતૂટ શ્રધ્ધા-વિશ્વાસ અને કંઇક કરી છૂટવાની ભાવનાએ આપ સૌ સમક્ષ આ ''**નજરાણું**'' મૂકવાની હિંમત વધારી અને આપણા જ્ઞાતિજનોએ પોતાની યથાશક્તિ પોતાની લક્ષ્મીને સુયોગ્ય બનાવી ખૂબજ ઉત્સાહથી ફાળો લખાવ્યો, આપ સૌના સહકાર વિના આટલા ટુકા સમયમાં અશક્ય ને શક્ય બનાવી અને ધ્યાનાલય તથા સંકુલ પૂર્ણતાને આરે ઉભેલ છે.

આપ સૌ જ્ઞાતિજનોએ તન-મન-ધનથી આપેલ સાથ-સહકાર માટે શ્રી અનંત આરોગ્ય નિધી - દેવલાલીના સર્વે ટ્રસ્ટીગણ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં પણ એજ સહકાર મળતો રહે એવી પ્રાર્થના.

લિ.

**અનંત આરોગ્ય નિધી – દેવલાલી વતી ટ્રસ્ટીગણ**

# અનંત આરોગ્ય નિધી - દેવલાલીમાં ઘૃત ઉછામણી પ્રસંગે ભાવિકોએ લીધેલા લાભો

| વિગત | ઘૃત ઉછામણી લાભાર્થી પરિવાર | ગામ - હાલ રહેઠાણ |
|---|---|---|
| મહેતાજી | શ્રી રાજીવ જયચંદ લુઠીયા | રવા - મુલુંડ |
| લાભાર્થીનો બહુમાન | શ્રી જેઠાભાઈ રાજપાર મૈશેરી | લાલા - મુલુંડ |
| કુંભ સ્થાપના | શ્રી દિનેશભાઈ ભવાનજી ગોસર | બારોઈ - હૈદ્રાબાદ |
| અખંડ દિપક | શ્રીમતી ચંદાબેન પ્રવિણભાઈ લોડાયા | જખૌ - નાસિક |
| ચાંદીની ચોવીશી, નવપદ પધરાવવાનો ગંભારા પ્રવેશ | માતુશ્રી તિલકસુંદરી વિશનજી વિરમ | સુથરી - માટુંગા |
| શાંતિનાથદાદા તથા અષ્ટમંગલ ગંભારા પ્રવેશ | માતુશ્રી દેવકાબેન ખીમજી ધરમશી | કોઠારા - વાશી |
| સુવિધીનાથ ભગવાનનો ગંભારા પ્રવેશ | શ્રીમતી નિર્મળાબેન સુમતિચંદ લોડાયા | બારોઈ - નાસિક |
| પદમપ્રભુ સ્વામી ભગવાનનો ગંભારા પ્રવેશ | માતુશ્રી હંસાબેન હિરાચંદ પટેલ | બાંઢિયા - વાશી |
| વાસુપૂજ્ય સ્વામી ભગવાનનો ગંભારા પ્રવેશ | માતુશ્રી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા | સાંધવ - ઘાટકોપર |
| નેમિનાથ ભગવાનનો ગંભારા પ્રવેશ | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી - ઘાટકોપર |
| પાર્શ્વનાથ ભગવાનનો ગંભારા પ્રવેશ | માતુશ્રી નલિનીબેન કુંવરજી જેઠાભાઈ ખોના | સુથરી - મુલુંડ |
| સુવિધીનાથ ભગવાનની પ્રતિષ્ઠા | માતુશ્રી રતનબેન પાશ્વીર નરશી લુઠીયા | નાની ખાવડી - સાયન |
| પદમપ્રભુ સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા | શ્રી ધારશી હીરજી સમસ્ત પરિવાર | જખૌ - ઘાટકોપર |
| વાસુપૂજ્ય સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા | માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી | નાની સિંધોડી - ઘાટકોપર |
| | માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા | સાંધવ - મુલુંડ |
| નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા | માતુશ્રી કસ્તુરીબાઈ રામજી ખોના | નલીયા - ઘાટકોપર |
| પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા | માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા | સાંધવ - મુલુંડ |
| | માતુશ્રી રતનબેન જયચંદ લુઠીયા | રવા - મુલુંડ |
| નવગ્રહ પૂજન | માતુશ્રી નવલબેન વીરચંદ મોમાયા | સાંયરા - ઘાટકોપર |
| | શ્રી હીરજી શીવજી પટેલ | બાંઢિયા - મુલુંડ |
| દસ દિગ્કપાલ પૂજન | શ્રી સારાભાઈ કુલીનકાન્ત કારાણી | સુથરી - વરાડીયા |
| અષ્ટમંગલ પૂજન | ચી. આયુષી/ ચી. આદિતી પ્રીતી હિરેન લાપસીયા | રાણપર - મસ્જિદબંદર |
| વિમલનાથ મહાપૂજન | માતુશ્રી નવલબેન વિરચંદ મોમાયા | સાંયરા - ઘાટકોપર |
| | માતુશ્રી સદગુણાબેન મુલચંદ લોડાયા | બાંઢિયા - મુલુંડ |
| લિખીતન દસ્તખત | શ્રીમતી ભારતીબેન પારસ મૈશેરી | રાપરગઢવારી - ઘાટકોપર |
| ભરત ચક્રવર્તી ભોજન કક્ષ | **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી** | **સુથરી - વરલી** |
| કંપિલપુરી તીર્થ નગરી (વિધિ મંડપ) | | |

# ઐ મેરે વતન કે લોગો

– કવિ પ્રદીપ

બોંતેર વર્ષના પ્રદીપજીને અમે એમનાં રચેલાં ગીતો યાદ કરી કરીને અમે એમને કહી રહ્યા હતા, એ બગીચામાંથી એકઠાં કરીને માળીને ખુદને બે-ચાર ફૂલો ધરવા જેવું હતું. નહીંતર દાખલાઓ ક્યાં ઓછા હતા ? આઝાદીની મંઝિલને લક્ષમાં રાખીને લખાયેલા ''ચલ ચલ રે નવજવાન, દૂર તેરા ગાંવ, ઔર થકે પાંવ, ફિર ભી તૂ હરદમ, આગે બઢા કદમ, રુકના તેરા કામ નહીં, ચલના તેરી શાન'' માં પણ શું હતું ? આ પછી અનેક... ''જાગૃતિ''માં ''હમ લાયે હૈં તૂફાન સે કિશ્તી નિકાલ કે, ઇસ દેશ કો રખના મેરે બચ્ચોં સમ્હાલ કે...'' અને એમાં જ ''સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ'' કે ''આઓ બચ્ચોં તુમ્હેં દિખાયેં ઝાંકી હિન્દુસ્તાન કી'' એ શાનાં ગીતો હતા ? અને વર્ષો અગાઉ રજૂ થયેલી ''તલાક'' ફિલ્મનું પેલું મશહૂર ગીત ''સંભલ કે રહના અપને ઘરમેં છુપે હુએ ગદ્દારોં સે...''

એ ગીતનું નામ પડતાં પ્રદીપજીની આંખોમાં એક ચમક પ્રસરી ગઈ. બોલ્યા : ''આ ગીત સાથે મારો થોડો લાગણીનો તંતુ બંધાયેલો છે. પંડિત નેહરુ મને પ્રથમ આ ગીતથી ઓળખતા થયેલા. નાગપુરમાં કૉંગ્રેસનું અધિવેશન હતું એ અરસામાં. એમાં રાત્રે ફિલ્મ-કલાકારોને કાર્યક્રમ આપવા બોલાવેલાં. ફિલ્મ-કલાકારો પ્રત્યેની ઘેલછા એ વખતે પણ ઓછી નહોતી. મંડપમાં હતા એથી ચારગણા માણસો મંડપની બહાર હતા. ધક્કામુક્કી અને ઠેબાંઠેલાં શરૂ થયાં અને પછી શોરબકોર થઈ પડ્યો. વ્યવસ્થા તૂટી પડી અને પોલીસને લાઠીઓ પણ નકામી થઈ પડી. એમાંથી ધીરેધીરે સ્ટેજ પર પથ્થરમારાની શરૂઆત થઈ. બીજા તો ઠીક, પણ પંડિત જવાહરલાલ અને કૃષ્ણ મેનન પણ મૂંઝાયા. શું કરવું ? એમણે સી. રામચંદ્રને કહ્યું કે કંઈક કરો... આનો કંઈ રસ્તો કરો. રામચંદ્રે તાત્કાલિક નિર્ણય લીધો. સ્ટેજ પર જઈને માઈક હાથમાં લઈને તરત

> ઐ મેરે વતન કે લોગો,
> જરા આંખ મેં ભર લો પાની
> જો શહીદ હુએ હૈં ઉનકી –
> જરા યાદ કરો કુરબાની
> તુમ ભૂલ ન જાઓ ઉનકો –
> ઇસલિયે સુનો યે કહાની
> જો શહીદ હુએ હૈં ઉનકી –
> જરા યાદ કરો કુરબાની...

જ મારું ગીત ઊંચા સૂરમાં શરૂ કર્યું :

> બિગુલ બજ રહા આઝાદી કા,
> ગગન ગુંજતા નારોં સે,
> મિલા રહી હૈ આજ હિંદ કી
> મિટ્ટી નજર સિતારોં સે.

લોકોનું ધ્યાન જરી ખેંચાયું. કોલાહલ ઓછો થયો એટલે એમણે આગળ ગાયું :

> કહેની હૈ ઈક બાત મગર
> ઈસ દેશ કે પહેરેદારોં સે,
> જનતા સે, પહેરેદારોં સે,
> ફૌજો કી ખડી કતારોં સે,
> સંભલ કે રહના અપને ઘર મેં,
> છુપે હુએ ગદ્દારોં સે.

આ ગીતના પૂરા શબ્દો કાને પડતાં જ પથ્થરમારો બંધ થઈ ગયો અને કોલાહલ ધીરેધીરે સાવ શમી ગયો. જાણે કે પથ્થર ફેંકનારા હાથ પોતાને 'છુપે હુએ ગદ્દારોં' માનીને આપોઆપ હેઠા પડી ગયા હોય. ગીત શાંતિથી પૂરું થયું અને પછી પણ શાંતિ છવાઈ રહી. આ જોઈને પંડિતજી એકદમ અભિભૂત થઈ ગયા. એમણે સી. રામચંદ્રને તો શાબાશી આપી, પણ પછી તરત જ પૂછ્યું કે હિંદી ફિલ્મોમાં આવાં ગીત પણ આવે છે ? કોણ છે આ

આછો આછો તે સાવ આછો ઉજાસ છે! ઊઘડું ઊઘડું થતી ઉગમણી દશ્યેથી
સૂરજના આગમનનો સોનેરી ભાસ છે! ઝાડવાં પર બેઠેલા પંખીનાં ટોળાઓ,
ધોધમાર ટહુકાતો મૂકે આષાઢ, પાદડાંય મર્મરના પાવા વગડે ને
ઝળહળ પરોઢિયાના મેડીને માઢ

ગીતનો લખનાર? સી. રામચંદ્રે કહ્યું કે ''એમનું નામ કવિ પ્રદીપ છે અને એ તો મુંબઈમાં બેઠા છે. અહીં નથી આવ્યા.''

પ્રદીપજી બોલ્યા : ''છાપાઓમાં, પછી આ ઘટનાનો વિગતે ઉલ્લેખ આવ્યા હતો, પણ મારે મન એ પ્રસિદ્ધિનું ઝાઝું મૂલ્ય નથી, જેટલું એ ગીત વડે પંડિતજીના મનમાંથી ફિલ્મી ગીતોના સ્તર વિષેની છાપ સુધરી એ હકીકતનું છે.''

પંડિત જવાહરલાલ નેહરુ કવિ પ્રદીપના પરોક્ષ પરિચયમાં એ વખતે આવ્યા. પણ પછી વળી બધું ભુલાઈ ગયું. એ પછી તો અનેક રાજકીય ઊથલપાથલોથી દેશનો ઈતિહાસ આલેખાયો. ચાઉ એન લાઈ ભારત આવ્યા. ચીન-ભારત દોસ્તીની મોટી મોટી વાત થઈ. ''હિંદી ચીની ભાઈ-ભાઈ'' થયું. પં. નેહરુને ચાઉ એન લાઈના હસ્તધનૂન માટે લંબાયેલા હાથમાં મૈત્રીની ઉષ્મા વરતાઈ હશે, પણ એમનો એ ભ્રમ લાંબો સમય ન ટક્યો. ૧૯૬૨ માં ચીને આપણને અચાનક મોટી લપડાક મારી. દેશમાં જે હાહાકાર પ્રગટ્યો એનાથી વધુ ઘેરો અને ઊંડો હાહાકાર નેહરુના હૃદયમાં વ્યાપી ગયો. આખો દેશ શૂન્યમનસ્ક થઈ ગયો. આ શું થઈ ગયો? જેને આપણે ભાઈ-ભાઈ કહીને સત્કાર્યા તે આવું કરે?

૧૯૬૩ ની છવ્વીસમી જાન્યુઆરી નજીક આવતી હતી. લોકોનો ઉત્સાસ તૂટી ગયો હતો. સરકારમાં કોઈને એમ લાગ્યું કે લોકોનો જુસ્સો ટકાવી રાખવા કશુંક કરવું જોઈએ. એક જબરદસ્ત કાર્યક્રમ કરવો જોઈએ. દિલ્હીના લાલ કિલ્લા પર એ દિવસે વધુ ને વધુ લોકો એકઠા થાય એ માટે ફિલ્મવાળાઓને એકઠા કરવા જોઈએ. સુવેનિયર બહાર પાડવું જોઈએ અને એ રીતે એના ખર્ચને પહોંચી વળવું જોઈએ.

પ્રદીપજી પાસે પણ એમાંથી કોઈ આવ્યું. કહ્યું કે આ દિવસે લોકોનો જુસ્સો ટકી રહે એવું કંઈક લખી આપો. લતા મંગેશકર ગાશે, સી. રામચંદ્ર એની તરજ બાંધશે. સેંકડો સાજિંદાઓ સાથ આપશે. ઝડપથી લખી આપો. પંડિતજી આ કાર્યક્રમમાં ધ્વજવંદન કરાવવાના છે, એવી વાત પણ આવી.


પ્રદીપજીને ખૂબ વિચાર કર્યો. કઈ કઈ વાત એ ગીતમાં આવવી જોઈએ? માત્ર લાંબા નારા, ઊઠો, જાગો, આગે બઢો એવા આદેશ? દેશનાં ગુણગાન? એવું તો ઘણું કર્યું. હવે કંઈક નવીન કરવું જોઈએ. સાંભળનારાના હૃદયની આરપાર ઊતરી જાય એવું કશુંક લખવું જોઈએ. એમને માત્ર ઉશ્કેરવા જ ન જોઈએ, એમના હૃદયના છેલ્લામાં છેલ્લા તળને સ્પર્શ કરવો જોઈએ. ધીરે ધીરે એમનાં આંસુ - એમની વેદના બહાર લાવવાં જોઈએ. બહુ વિચાર કરતાં એમને લાગ્યું કે આ દિવસે તો એવા લોકોને યાદ કરવા જોઈએ, જેમણે ચીન-ભારત યુદ્ધમાં પોતાની કુરબાની આપી, જેમણે યુવાવસ્થામાં જ દેશ માટે પોતાના પ્રાણ આપી દીધા. એવા વણપ્રીછ્યા, વણગાયેલા નરવીરો, વિચાર કરતાં કરતાં એમનું ખુદનું દિલ ભરાઈ આવ્યું. તરત એમની કલમમાંથી શબ્દો સર્યા : ''અય મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભર લો પાની, જો શહીદ હુએ હૈં ઉનકી જરા યાદ કરો કુર્બાની.'' પંક્તિ પછી પંક્તિ ફૂટતી ગઈ. ગીત તૈયાર થઈ ગયું અને એની તર્જ બેસાડવાની જ વાર હતી. ત્યાં સંરક્ષણ ખાતા તરફથી સંદેશો આવ્યો : ''આપના ગીતની પ્રથમ બે પંક્તિ મોકલી આપો. સુવેનિયરમાં છાપવાની છે.''

આ તો ભારે જોખમી વાત હતી. શહીદો પર ગીત લખવું એ પોતાનો આગવો વિચાર હતો. એ ૨૬મી જાન્યુઆરીએ ત્યાં ગવાય એનું જ મહત્ત્વ. અત્યારથી પંક્તિ જાહેર થઈ જાય તો વિષય જાહેર થઈ જાય અને પછી તો કાગળને પાંખો હોય છે અને ફિલ્મ-ઉદ્યોગવાળા તો જબરા શિકારી હોય છે. નકલ કરનારા નવરા હોય છે. ઘણા હોય છે અને ઝડપી હોય છે. બીજા પાંચ સો જણા એ વિષય પર ગીત લખી લાવશે, પછી આપણા આ ગીતની મઝા નહીં રહે. તો પછી પંક્તિઓ જાહેર ન કરીએ એ ચાલે? ન ચાલે. સુવેનિયર અગાઉથી છાપવાનું હોય છે. તો શું કરવું? મૂળ પંક્તિઓ

સરવરમાં ન્હાયેલું આખું મેદાન હોય, એવું બસ ભીનું ભીનું ઘાસ છે!
આછો આછો તે સાવ આછો ઉજાસ છે! આથમણી દૃશ્ય હવે લોપાતી હોય એમ, હળુ હળુ અંધારાં આછરે;
તુલસીના ક્યારે અદ્ધરનાત નાર કોઈ, લીલો લીલો ઝળહળાટ પાથરે!

કેમ છુપાવવી ? સાપ મરે નહીં ને લાઠી ભાંગે નહીં, એવો રસ્તો કયો ?

‘‘તો પછી’’ના પ્રત્યુત્તરમાં પ્રત્યુત્પન્નમતિ તરત મોડ કાઢી લાવી. એમણે કાગળ લીધો અને પંક્તિઓ લખી : ‘‘એ મેરે વતન કે લોગો, તુમ ખૂબ લગા લો નારા, યહ શુભ દિન હૈ હમ સબ કા લહેરા લો તિરંગા પ્યારા...’’ લખીને કાગળ આપી દીધો. જાઓ, છાપો અને લો આ પ્રથમ બે પંક્તિ. પછી પંક્તિઓ વિષે ભલે નકલખોરો કલ્પના કર્યા કરે. ભલે કામે લાગી જાય. શહીદો વિષેની કલ્પના કદાપિ એમને આવી શકે નહિ. એ માટે તો કવિહૃદય જોઈએ, કલ્પનાશીલતા જોઈએ, સર્જકતા જોઈએ.



પણ ફૂટવાનાં ઠેકાણાં તો અનેક હોય. સી. રામચન્દ્ર અથવા લતા મંગેશકર પણ ભોળે ભાવે કોઈને કહી દે. ત્યાંથી પછી એને વીજળીની પાંખ લાગી જાય. એ પણ પૂરું જોખમ. પ્રદીપ સી. રામચન્દ્રને અન્ના કહેતા. એમને કહ્યું : ‘‘અન્ના, આ ગીતનું રિહર્સલ ફક્ત ટા... ટા... ટા... ટા... એવા સૂરધ્વનિમાં જ કરાવાય. શબ્દો તો આપો જ નહીં. માત્ર ટા... ટા... ટા... ટા... જ કરાવો. લતા પાસે પણ આ રીતે જ ગવડાવો અને હા, અન્ના, તમે તો કોઈને કહેશો જ નહીં. કારણ કે સાજિંદાઓ હરતાફરતા ટેઈપરેકૉર્ડર જેવા હોઈ શકે. એમના કાને પણ ગીતનો એક શબ્દ ના પડવો જોઈએ. લતા મંગેશકરને પણ કહ્યું કે ભૂલેચૂકેય બીજાને તો ઠીક, પણ તારાં ભાઈબહેનને મોંએ આ ગીતના શબ્દો ભૂલથી ન બોલી જતી. અરે, તું તો આ ગીતની હિરોઈન છે. હિરોઈન રહેવું હોય તો આટલું કરજે, ગીતના શબ્દો ક્યાંય ન ઉચ્ચારી દઈશ સ્વપ્નામાંય.

પચ્ચીસમીએ તો ફિલ્મ-ઈન્ડસ્ટ્રીઝવાળા સૌ સંરક્ષણ ખાતાના એરોપ્લેનમાં ઊડી ઊડીને દિલ્હી પહોંચી ગયા હતા. પ્રદીપજી ધોતી-પહેરણમાં એમના વિલેપાર્લા (વેસ્ટ)માં આવેલા ગોલ્ડન ટોબેકોની સામેના પંચામૃત બિલ્ડીંગમાં શાંતિથી બેસી રહ્યા. એમને કોઈને ન આવવાનું કહ્યું, ન એમણે પરવા કરી.

છવ્વીસમીએ સાંજે ગીત પેશ કરવાનો સમય આવ્યો. પેશ કરવામાં પણ જે ચતુરાઈ જરૂરી હતી તે પ્રદીપજીએ અન્નાને સમજાવી હતી અને એમ જ થયું. સંખ્યાબંધ સાજિંદાઓએ ગુજરાતી ગરબાના તાલમાં સંગીત શરૂ કર્યું. વિચારમાં પડી ગયા સૌ કે આવા પ્રસંગે ગરબાનો આવો દ્રુત ધ્વનિ ? પ્રદીપજી અને સી. રામચન્દ્રનું ભેજું જ ફરી ગયું લાગે છે. ઈર્ષાળુઓ અંદર અંદર તાલીઓ દઈ દઈને હસતા હતા ત્યાં એ સંગીત વચ્ચે જ લતાની લાંબી તાન ઊઠી - ‘‘એ મેરે વતન કે લોગો....’’ સંગીત એકદમ બંધ. ગંભીર શાંતિ. ‘‘લહેરા લો તિરંગા પ્યારા’’ સુધીની ચાર પંક્તિ પૂરી થઈ. સામાન્યમાં સામાન્ય ચવાઈ ગયેલી વાત હતી. નવું કશું નહિ, પણ પછી પલટી મારી, આખું ચિત્ર બદલાઈ ગયું :

‘‘પર મત ભૂલો સીમા પર  
વીરોં ને હૈં પ્રાણ ગંવાયે,  
કુછ યાદ ઉન્હેં ભી કર લો,  
જો લૌટકે ઘર ન આયે.  
એ મેરે વતન કે લોગો,  
જરા આંખ મેં ભર લો પાની,  
જો શહીદ હુએ હૈં ઉનકી  
જરા યાદ કરો કુરબાની.’’

પ્રથમ બે પછીની ચાર પંક્તિમાં આ કરુણરસનો અણખૂટ દારૂગોળો હતો. એકાએક બે લાખ માણસોની સભામાં સન્નાટો છવાઈ ગયો. કેવી હૃદયવિદારક વાત હતી આ બીજી ચાર પંક્તિઓમાં ? પ્રથમ ચાર પંક્તિઓ સાદી હતી, પણ પછી આ બીજી ચાર પંક્તિઓમાં ‘‘જો લૌટ

આખ્ખાયે આંગણામાં કૂણાં કૂણાં કિરણોથી,  
લીંપાતો મબલખ ઉલ્લાસ છે,  
આછો આછો તે સાવ ઉજાસ છે!  
- કરસનદાસ લુહાર

કે ઘર ના આયે'' - કવિએ કાળજું મૂકી દીધું હતું પોતાનું. સાંભળનારા સૌની આંખ છલકાઈ ઊઠી અને પંડિતજીની આંખમાંથી તો આંસુની ધારા વહી ચાલી. ચીને એમને અંદરથી ઘાયલ કર્યા હતા - ને આ કવિએ એમને રડાવી દીધા. ''કોણ છે આનો કવિ ?'' એમણે પૂછ્યું : ''ક્યાં છે? મારે મળવું છે ?''

પણ કવિ પ્રદીપજી તો મુંબઈ હતા. એ પછી માર્ચમાં પંડિતજી મુંબઈ આવ્યા. ત્યારે એમણે ચીવટ રાખીને કવિને યાદ કર્યા. યશવંતરાય ચવ્હાણે ચિઠ્ઠી મોકલી. મોટર નીકલી. કવિ આવ્યા, તો આવા સાદા, સફેદ વસ્ત્રધારી કવિને જોઈને પં. નેહરુ અચંબામાં પડી ગયા. ભેટી પડ્યા - ''કહાં કે હો, ભાઈ ?''

''જી, ઈલાહાબાદ કા.'' પ્રદીપજીએ કહ્યું : ''વહીં આપ કે આનંદભવન કે પાસ હી રહતા થા. આપ કે ઘર કાફી આના-જાના હોતા થા. પર તબ તો મૈં બહોત છોટા થા... ઔર આપ તો કહાં વહાં ટિકતે હી થે ?''


પંડિતજીએ ભાવવિહ્વળ થઈને કહ્યું : ''ઔર તબ મુઝે માલુમ હી કહાં થા, ઈતના છોટા લડકા કભી મુઝે રુલાયેગા.... વર્ના તુમ સે જરૂર મિલતા...'' પછી બોલ્યા: ''ખૈર, આજ શામ કો હમારે સ્વયંસેવકોં કી પાર્ટીમીટિંગ હૈ. તુમ વહાં આ સકોગે? મુઝે યહ ગીત અપને મુંહ સે સુના સકોગે ?''


સાંજે પ્રદીપજી ત્યાં માનભેર ગયા. પંડિતજીએ મન ભરીને એ ગીત સાંભળ્યું. વારંવાર એમની આંખો ભીની થઈ. એ પછી લાગલગાટ ત્રણચાર મિનિટ સુધી એ ગીત વિષે, કવિ પ્રદીપ વિષે અહોભાવથી બોલ્યા.

છૂટા પડતી વખતે એમણે કવિ પ્રદીપ પાસેથી એક વસ્તુ માંગી લીધી, જે પ્રદીપજીએ સહર્ષ આપી દીધી. એ હતો કાગળનો એ ટુકડો, જેના પર કવિ તે રડતું જીવતું ગીત લખી લાવ્યા હતા - હસ્તાક્ષરમાં જ અને આ રીતે નેહરુજીએ કવિ પ્રદીપના હસ્તાક્ષર માગી લીધા - ''ઑટોગ્રાફ પ્લીઝ'' પણ કહ્યા વગર.

- રંજનીકુમાર પંડ્યા

## કચ્છી કસબ - ૧૨૦





રચયિતા :
જયકાંત મોતા
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**ઊભી ચાવીઓ -**

[૧] શાંત (૨); [૨] લીપણ (૩); [૩] લંગડો (૨); [૪] કપડાનો દાગ (૨); [૫] વાંદો (૩); [૬] ઉછેર (૩); [૭] ગમે છે (૩); [૯] કાંસુ (૨); [૧૦] ખુલ્લું (૩); [૧૧] નાખવું (૨); [૧૩] સારા (૩); [૧૭] નમતું જોખવું (૩); [૧૮] હાસ્ય (૨); [૨૦] કહેવત (૩); [૨૩] એક કામ સાથે બીજું કામ કરવું (૫); [૨૬] બરણી (૨); [૨૭] બિયા (૨); [૨૮] ત્રણ (૩); [૨૯] એઠું (૪); [૩૩] તાવ (૨); [૩૪] ફક્ત (૨); [૩૬] ડાહી સ્ત્રી (૨)

**આડી ચાવીઓ -**

[૧] તલાવડી (૪); [૩] કોઇ કામ પાછળ લાગી જવું (૩); [૪] કાયદો (૨); [૫] કાંટો (૨); [૬] વાંકો (૨); [૮] અછત (૨); [૯] કાંટા (૨); [૧૧] વિશ્વાસ કર્યો (૨); [૧૨] રીસાવવું (૨); [૧૪] તોડવું (૨); [૧૫] છોડી દેવું (૨); [૧૬] સાકર (૨); [૧૮] હટવું (૨); [૧૯] આવો (૨); [૨૧] રમવું (૨); [૨૨] અમુલ્ય (૨); [૨૩] દિવાલ (૨); [૨૫] મિજાજ (૨); [૨૭] અવઢવ (૪); [૨૯] મકાન પાછળની જગ્યા (૩); [૩૦] પોતા (૨); [૩૧] ચરક (૨); [૩૨] આર્થીક રીતે નવળો (૩); [૩૫] લીટા પાડવા (૩); [૩૭] રમત (૨); [૩૮] ફક્ત (૨)

(ઉકેલ અન્યત્ર)

## પૂણે સખી વૃંદ મહિલા મંડળ

સખી વૃંદ મહિલા મંડળના સિલ્વર જ્યુબીલી વર્ષની ખાસ પ્રોફેશનલ મિટીંગ માટે વિષય પસંદ કર્યો ભક્તામર કાર્યશાળાનો અને તેને અંજામ આપવા આમંત્રિત કર્યા નાગપુર સ્થિત અંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા ડૉ. મંજુજી જૈન, ડૉ. અનિતાજી આગરકાર, અને સુનિતાજી ફૂલફાગર.

આ કાર્યશાળાનો લાભ ૪૨૫ નસીબદાર મહાનુભાવો એ લીધો જેઓ ફક્ત પુણે નાજ નહિ પણ વિવિધ શહેરો માંથી આવ્યા હતા. આટલી મોટી સંખ્યા માટે જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી તે શક્ય બન્યું ઉદારદિલ ક.દ.ઓ. સમાજના દાતાઓના સહકારથી અને કાર્યક્રમને સરળતાથી પાર કરવા માટે હંમેશા હાથથી હાથમિલાવનારા ખંતીલા સભ્યોથી.

કાર્યક્રમના પ્રારંભથી અંત સુધી ઉલ્લેખનીય પીઠબળ તથા સહકાર આપ્યો સંજયભાઈ નવિનચંદ્ર ધરમશીએ.

ભક્તામર કાર્યશાળા ૦૪ માર્ચ ૨૦૧૮ની સવારના ૯ વાગ્યાથી સાંજના છ સુધી કાર્યરત રહી. કાર્યશાળા દરમ્યાન સૌ ભાગ લેનારા માટે સવારના ચા નાસ્તો, બપોરનું જમણ તથા સાંજે હાઈ ટી આમ સંપૂર્ણ વ્યવસ્થા રાખવામાં આવેલ. કાર્યશાળા માટે જરૂરી ભક્તામરની પુસ્તક, પેડ, તથા પેન પણ આપવામાં આવી.

આ કાર્યશાળામાં નોંધણી માટે રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ જે કાર્યશાળા પૂર્ણ થતા પાછા આપી દેવામાં આવેલ.

કોમલબેન કલ્પેશ ધરમશીએ સૂત્રધારનો રોલ સંભાળ્યો. નવકાર પઠન – શ્રીમતી ઉર્વશીબેન શાહ, આવકાર – પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન માણેકજી ભાઈ લોડાયા, SVMMના જ્યુબીલી વર્ષ અને ભક્તામર પર સંક્ષિપ્ત માહિતી – કોમલબેન ધરમશી. ડૉ. મંજુજી જૈન, ડૉ, અનિતાજી અગરકર, તથા સુજાતાજી ફૂલફાગરની ઓળખ વિધિ – SVMM ના સેક્રેટરી મીતા પ્રશાંત લાલકા,

વક્તાઓનો ચોકલેટ ગૂચ્છથી સ્વાગત – ખજાનચી કલ્પનાબેન દુષ્યંત લાપસીયા, કમિટી મેમ્બર હેતલબેન હેમલ મૈશેરી તથા કમિટી મેમ્બર મીરાબેન જયેશ નાગડા,

લેસયં ધ્યાન, કલર થેરેપી, ચક્ર સક્રિય કરવાની ક્રિયા – ડૉ. અનિતાજી અગરકર

પાવરપોઈન્ટની મદદથી કેસ સ્ટડી વિસ્તારપૂર્વક જેને લીધે હાજર રહેલા સૌને ભક્તામરના ફાયદા તથા ચમત્કારો સમજાયા – ડૉ. મંજુજી જૈન

માનનીય વક્તાઓ તથા ઉદારદિલ દાતાઓને ટ્રોફી તથા ભેટ એનાયત અને આભારવિધિ તથા અનુમોદના યાચના – કલ્પના લાપસીયા.

ભક્તામર પઠન, મંત્ર પઠન તથા રિધ્ધિ ઉચ્ચારણ અને તેના થી થતા ફાયદાઓ – સુજાતાજી ફૂલફાગર

મુંબઈ થી ખાસ પધારેલ મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા તથા તેમના પત્નીનું સ્વાગત – પુષ્પાબેન લોડાયા તથા મીતાબેન લાલકા

યોગ નિદ્રા અંગે વક્તવ્ય – ડૉ. મંજુજી જૈન

જરૂરી જાહેરાતો તથા આભારવિધિ – કોમલ ધરમશી

હીલિંગ – ડૉ. મંજુજી જૈન

આમ આધ્યાત્મિક ભક્તામર કાર્યશાળા સંપન્ન થઈ અને સૌથી મહત્વની વાત એ હતી કે નવી પેઢી ને પણ ભક્તામર પર વિશ્વાસ જાગ્યો અને ઘણા તરૂણ, તરૂણીઓએ આ પ્રયોગ નિયમિત રીતે ચાલુ રાખ્યો છે અને તેના લીધે તેમને શું શું ફાયદા થયા છે તે ઘણા લોકોએ કાર્યશાળા પછી પ્રતિક્રિયા દ્વારા સમિતિના મેમ્બર્સને જણાવે છે.










**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન પરજાઉ

શ્રી પરજાઉ ચન્દ્રપ્રભ સ્વામી તથા શ્રી શીતલનાથ દાદા છત્ર છાયામાં ત્રયાનિકા ધ્વજા મહોત્સવ હર્ષોલ્લાસથી પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી મુક્તિરત્ન સાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં ઉજવાયો. મુળનાયક શ્રી ચન્દ્રપ્રભ સ્વામીની ૧૬૪મી વર્ષગાંઠ તથા શ્રી શીતલનાથની-૩ જી વર્ષગાંઠ નિમિત્તે બહોળી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા. પ્રથમ દિવસે સવારના અઢાર અભિષેક તથા બપોરનાં શ્રી ગૌતમસ્વામી મહાપૂજન તથા દ્વિતીય દિવસે શ્રી મુળનાયકની ધ્વજા તથા સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. તથા તૃતિય દિવસે શ્રી શીતલનાથ ભગવાન (નુતન દેવકુલીકા)ની ધ્વજા તથા સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી ચન્દ્રપ્રભ સ્વામીની મુખ્ય ધ્વજામાં લાભાર્થી માતુશ્રી હિરાવંતીબાઈ લહેરચંદ મેપાની પરિવાર હસ્તે શા. નયનભાઈ, શ્રી અનંતનાથની ધ્વજાના લાભાર્થી માતુશ્રી ઝમકુબાઈ ઝવેરચંદ નાગડા હસ્તે પૌત્રી તથા શાંતિનાથ દાદાની ધ્વજાનાં લાભાર્થી માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર હસ્તે હરેશભાઈ વિકમશી તથા શ્રી શીતલનાથ દાદા (શ્રી નુતન દેવકુલીકા)ના મુખ્ય ધ્વજાનાં લાભાર્થી પરિવાર માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ પરિવાર હસ્તે સુપુત્ર શા લહેરચંદભાઈ દંડ, શ્રી શીતલનાથ દાદાની જમણી તથા ડાબી બાજુ બને ધ્વજાના લાભાર્થી માતુશ્રી કસ્તુરીબાઈ પદમશી દંડ હસ્તે કમલેશભાઈ. વિધીકાર શ્રી કેવલભાઈ સાવલાએ ખૂબજ સરસ વિધી કરાવી તથા સંગીતકાર શ્રી પ્રિયંકભાઈ જાની એ મહોત્સવના ત્રણે દિવસ પૂજા તથા રાત્રે ભક્તિ ભાવનામાં ખૂબજ સરસ રમઝટ બોલાવી. દેરાસરને ફુલો દ્વારા શણગારવાના લાભાર્થી પરિવાર માતુશ્રી રતનબેન આણંદજી દંડ.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ

શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ પ્રેરિત અને શ્રી ક.દ.ઓ. જૈન સમૂહ લગ્ન ટ્રસ્ટ આયોજિત જ્ઞાતીના લગ્નોત્સવનું આયોજન રવિવાર, ૬-૫-૨૦૧૮ના ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ. સ્વાગત પછી કન્યાદાન એ મહાદાનનું પ્રદર્શન નલીયા મહાજનના પ્રમુખશ્રી અને ડી.બી. કે.ડી.ઓ. એકમના ઉપપ્રમુખશ્રી મુલચંદભાઈ મોતાના વરદ હસ્તે ખુલ્લુ મુકવવામાં આવેલ. ૯.૩૦ કલાકે વરઘોડો, ૧૦.૧૫ કલાકે હસ્ત મેળાપ સંપન્ન થયા. અંદાજીત ૫૫૦ જ્ઞાતિજનો એ હાજર રહી નવદંપતીને આશીર્વાદ આપેલ.

અભિવાદન સમારોહમાં શ્રી પદમશીભાઈ લાલકાના અધ્યક્ષ સ્થાને અને શ્રી મુલચંદભાઈ મોતા અતિથીવિશેષ હતા. મંચસ્થ ડૉ. શ્રી મધુકાન્તભાઈ ધરમશી, સી.એ. શ્રી હરીશભાઈ ખોના, શ્રી કિશોરભાઈ સાંયા, ભુજ મહાજનના પ્રમુખશ્રી પ્રબોધભાઈ મુનવર, ગાંધીધામ મહાજનના પ્રમુખશ્રી લહેરચંદ ખોના અને કચ્છ એકમના પ્રમુખ શ્રી મહેશભાઈ લાલકા એ નવદંપતીને આશીર્વાદ આપ્યા. સંસ્થાના પ્રમુખશ્રી એ સૌને આવકાર આપેલ અને સંસ્થાની આગામી પ્રવૃત્તિઓમાં ૨૩-૦૯-૨૦૧૮ના ક્ષમાપના અને સરસ્વતી સન્માન કાર્યક્રમ તેમજ ૩૦-૦૯-૨૦૧૮ના ગાંધીધામ મધ્યે સગપણ સેતુ કાર્યક્રમના આયોજન ની જાહેરાત કરેલ એ અંગેની વિસ્તૃત માહિતી શ્રી મીતેશભાઈ ધરમશી એ આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધભાઈ મુનવર અને આભારવિધિ શ્રી અરવિંદભાઈ લોડાયાએ કરેલ.

### અનંતનાથજી દરબારે ચાતુર્માસની વધામણી

અનંતનાથના દરબારે થાશે પૂજ્યશ્રીનો પ્રવેશ, સંઘવાસીઓના હૈયામાં થાશે રત્નત્રયીનો સમાવેશ આ વર્ષે પૂ. સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ. સાધ્વીશ્રી નંદિવર્ધનાશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી પ્રશમરસાશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી રાજનંદિનીશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નું ચાતુર્માસ આપણા સંઘના આંગણે મહાભાગ્યોદયે પ્રાપ્ત થયું છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૧, ૨૨-૭-૨૦૧૮.

### શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

૧૫-૩-૨૦૧૮ના રોજ રીટાબેન શાહના ઘરે કોફી


**સોનલ આર્ટ**

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.**

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.

મીટમાં લંચ પછી ગેમ્સ અને હાઉઝી રમાડવામાં આવેલ. ગેમ્સમાં પ્રાઇઝ ૧) કેતના ૨) રતનબેન અને ૧) કેતના ૨) જયશ્રીબેન તથા રતનબેનને પ્રાઇઝ મળેલ.

૨૯-૩-૨૦૧૮ના રોજ અરવિંદભાઈ તરફથી મહાવીર જયંતીના મહાવીર પંચકલ્યાણી પૂજા ભણાવવામાં આવેલ. આખા સંઘને સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.

૮-૪-૨૦૧૮ જૈનાલોજીની પરીક્ષા લેવામાં આવેલ. શ્રી કચ્છી ભુવનમાં સેન્ટર રાખેલ. ૨૦ જણાએ પરીક્ષા આપેલ સંઘ તરફથી સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ પરીક્ષામાં ૧) મીતા લાલકા, પોસ્ટ ગ્રેજ્યુએટ ૧) કેતના શાહ

૪-૫-૨૦૧૮ના રોજ ભારતી લાલકાના ઘરે કીટી પાર્ટીમાં બધાએ સ્ટાર્ટરનો સ્વાદ માણી ગેમ્સ રમેલ. વિજેતા ૧) કીર્તી શાહ, ૨) રતન શાહ અને ૧) મીના શાહ, ૨) નયના બુરીચા, ઉષા શાહ, મંજરી વીરા, કેતના શાહ.

### શ્રી કુંથુનાથ જિનાલય, રાયપુરની ૧૭મી ધ્વજા મહોત્સવ

કુંથુંનાથ જિનાલયની ૧૭ વર્ષગાંઠ અને ધ્વજા મહોત્સવ ૧૫-૨૦૧૮ના ઉજવવાયો. સ્નાત્ર મહોત્સવ, નવકારશીના લાભાર્થી પરિવાર મંજુલાબેન કુલિનકાન્ત જીવાણી પરિવાર હતા. ધ્વજાનો વરઘોડા શ્રી દિગમ્બર જૈન દેરાસરથી કાઢવામાં આવેલ. વરઘોડામાં ૧૭ નાની કન્યાઓ કલશની સાથે વાજતે-ગાજતે ચાલતી રહી. સવારના ૯ વાગે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. લાભાર્થી સૌ. મંજુલાબેન કુલિનકાન્ત જીવાણી પરિવાર હતા. નવમી પૂજામાં કાયમી લાભાર્થી પરિવાર દ્વારા (ધ્વજાના) મૂલનાયક. માતુશ્રી નેણબાઈ કેશવજી શિયાલ પરિવાર (રાયપુર), અચલગચ્છ ગુરૂમંદિર. માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર (હૈદ્રાબાદ), એમના વતી સ્વ. શ્રી શ્રીમલતાબેન પાનાચંદ લોડાયા પરિવાર દ્વારા ધ્વજા ચઢાવવામાં આવેલ. શ્રી વિજય શાંતિ સૂરિશ્વરજી ગુરૂમંદિર, શ્રીમતી સૂરજદેવી સોનરાજજી કોચર પરિવાર (રાયપુર) દ્વારા ધ્વજા ચઢાવવામાં આવેલ. આ ત્રણેય પરિવાર તરફથી શ્રી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. ૧૭મી સાલગિરહ નિમિત્તે ૧૭ આયંબિલ ૧૬ અને ૧ એકાસણાની તપસ્યા થયેલ. સંઘવતી એમનું બહુમાન કરવામાં આવેલ.

શ્રીમતી સુનયના અમિત મૈશેરીએ આ અવસરે ધ્વજાની સુંદર રંગોલી બનાવેલ. વિધિકાર શ્રી વિમલચંદજી ગોલછાએ ધ્વજાની અને પૂજાની વિધિ કરાવેલ. પૂજા બાદ પ્રભુશ્રી મુલનાયક ભગવાનની આરતીનું લાભ શ્રીમતી શીતલ જૈન એ ૫૦૦૫ મણ માં, મુલનાયક ભગવાનના મંગલ દીપકનું લાભ ૬૦૫ મણમાં માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવારે, અચલગચ્છ ગુરૂદેવની આરતી અને મંગલ દીપકનો લાભ ૫૦૧ મણમાં પ્રકાશચંદ શેખરચંદ વૈદ પરિવારે, શાંતિ સૂરીશ્વરજી ગુરૂની આરતી અને મંગલદીપકનો લાભ ૧૦૦૧ મણમાં શ્રીમતી શીતલ જૈન પરિવારે, તથા શાન્તિ કલશનો લાભ ૧૦૦૧ મણમાં માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવારે લીધેલ.

પ્રભુજીની મહાઆરતી અને દીપ સજાવ રાખવામાં આવેલ. દીપ સજાવટમાં ગ્રુપ-એ નાના બાળકોમાં ગ્રુપ-બી (મોટામાં) પ્રથમ ટીના કપિલ મૈશેરી, દ્વિતીય- હર્ષિતા ચંદ્રેશ છેડા, તૃતિય - ગીતા દીપેશ લાલકા રહેલ.

ધ્વજા મહોત્સવના અવસરે સંપૂર્ણ વ્યવસ્થામાં શ્રી ઉત્તમ ખીમજી મૈશેરી, ડિમ્પલ જયેશ નાગડા, ભૂપેન્દ્ર મોમાયા, ભરત મૈશેરી, જયેશ નાગડા, પૂજા મોમાયા, સુનયના મૈશેરી, ભાવના પોલડીયા, વિ.એ વિશેષ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમનું સંચાલન ચંદ્રેશ વી. છેડા એ કરેલ. પ્રમુખ શ્રી હરીશ જવેરચંદ લોડાયા એ આભાર વ્યક્ત કરેલ.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ - રાયપુર

કારોબારી કમિટીના ૧૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૨૦ પ્રમુખ - ચંદ્રેશ વીરચંદ છેડા (શાહ), ઉપપ્રમુખ - દિનેશ ડુંગરશી મોમાયા, સચિવ - કિશોર મેઘજી મોતા, સહ-સચિવ - જયેશ કલ્યાણજી શાહ, કોષાધ્યાક્ષ - હરીશ શીવજી લોડાયા. કાર્યકારી સભ્યો - હીરાચંદ કુંવરજી મૈશેરી, યોગેશ ગોવિંદજી મોમાયા, અમિત કુલિનકાન્ત જીવાણી, વિપીન વીરચંદ વિકમશી, ચેતક જવેરચંદ લોડાયા, દીપક મેઘજી લાલકા, નિતેશ ઉમરશી મૈશેરી, નિતેશ શશીકાન્ત શાહ, જીનેશ ગીરીશ શાહ.

### સાંયરા ખાતે મહાકાળી માતાજીની ભાવના

૨૮-૪-૨૦૧૮ના માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રાજેશભાઈ (ચેન્નાઈ), ઉત્તમભાઈ, રતીલાલભાઈ, મહેન્દ્રભાઈ, મણીલાલભાઈ તથા ભેદી ગામના ભાઈઓ સારી રમઝટ બજાવેલ. ૨૯-૪-૨૦૧૮ના માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

### સાંયરા ખાતે વિવિધ ઉત્સવો ઉજવાયા

સાંયરા પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અર્હયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ૨૩-૩-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૮ સુધી આયંબિલની


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

ઓળી માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા તરફથી કરવામાં આવેલ જેમાં ઘણા ભાવિકો ઓળી કરેલ. ટોટલ ૪૪ આયંબિલ થયેલ આયંબિલની ઓળી કરનારને માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે જયાબેન શાંતિલાલ લોડાયા તરફથી બહુમાન કરવામાં આવેલ. ૨૯-૩-૨૦૧૮ ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના દિવસે ગામના મુખ્ય રસ્તા ઉપરથી રથયાત્રા વાજતે ગાજતે નીકળેલ. ૯ વાગે શ્રી રાજેશભાઈ ગંગાજર મોમાયા તરફથી સ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ. મહાવીર સ્વામી જન્મ કલ્યાણક પ્રસંગે માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા તરફથી ઘરદીઠ ૧ કિલો ગોળની પ્રભાવના થયેલ. મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિવસે શ્રી મહાવીર જિન કલ્યાણક પૂજા માતુશ્રી મણીબાઈ ખેતશી તરફથી ભણાવવામાં આવેલ. ૩૦-૩-૨૦૧૮ના માતુશ્રી દમયંતીબેન દામજી મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં ઉત્તમભાઈ, જવેરચંદભાઈ, રતીલાલભાઈ મણીલાલ સારી રમઝટ બજાવેલ. ૩૧-૩-૨૦૧૮ના ૧૦૮ ખમાસણા તથા ભાવયાત્રા કરાવેલ. પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. સરળ ભાષામાં સમજાવેલ. ૩૧-૩-૨૦૧૮ના માતુશ્રી દમયંતીબાઈ દામજી નરશી મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

### ઘર બેઠા પરીક્ષા - Open Book Exam

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની સુવર્ણ વરસીતપ પ્રસંગે પ્રકાશિત પયન્ના ના અર્થ આધારિત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલો તે પહેલાના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક, પ્રશ્ન પેપર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

**પુસ્તક મેળવવાનુ સરનામું**

૧) સુ.શ્રા. લતાબેન વિકમશી
૨/૩૯, અનંત નિવાસ, ભાત બઝાર , નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદબંદર, મુંબઈ-૯, મો. ૯૩૨૩૯૪૪૧૧૭

૨) અ.સૌ. મનીષાબેન ખોના
૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ. મો. ૯૬૬૪૭૯૮૩૯૮

૩) અ.સૌ. હિનાબેન ડો. રણધીર
બી-૯, સ્વપ્નિલ સોસાયટી, જી.વી. સ્કીમ રોડ નં. ૨, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ. મો. ૯૯૨૦૦૨૬૫૨૭

૪) અ.સૌ. ગીતાબેન લોડાયા
સી-૨-૪, અંબીકા નગર, છેડા રોડ, પંચાયત બાવડી પાસે, ડોંબિવલી (ઈસ્ટ), મો. ૮૦૮૨૨૦૭૩૦૪

૫) કલ્પનાબેન સાવલા
બી-૩૦૨, હાર્મની હો. સોસાયટી લી., મહાવીર નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ. ૯૮૨૦૪૫૫૮૨૦

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે. હાડકા માટે શનિવાર, તા. ૨૬-૦૫-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગ માટે શનિવાર તા. ૨૬-૦૫-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૭-૦૫-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


## VACANCY FOR TAX ASSISTANT AND ACCOUNTS ASSISTANT

**Reputed CA firm with 42 years of practice situated in Thane requires commerce graduate with 2-3 year experience in accounts and proficiency in English and Computer knowledge must. Also require IPCC cleared / Inter CA with experience in Taxation, GST and Accounts work.**

**Apply via email at**

**khona.office@gmail.com**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હિરાચંદ પદમશી દંડ** (PS 4353) | કે.ઓ. નરસી આર. પીર (લુડાયા), માડવી, બાયઠ, પી.ઓ. નં. ૩૭૦૪૭૫ |
| **જીતેન્દ્ર હિરાચંદ મૈશેરી** (PS 1021) | ૬, પ્રફુલ જ્યોત, બી-વિંગ, પ્લૉટ નં. ૨, ઑફ વલ્લભબાગ એક્સટેનશન, કુકરેજા પાસે, ઘાટકોપર (ઈ), મુંબઈ ૪૦૦ ૦૭૫ **(M) Chandanbai 9757497019, Jeetu 9869004029, 9137351001, Heena 9969843255, Deep 7738939932** |
| **શ્રીમતી રોનક નિમીશ મસ્કરીયા** (PS 7347) | બિલ્ડીંગ ૧૯૮/૫૪૪૫, વિશ્વમોહીની, પંથ નગર, ઘાટકોપર (ઈ), મુંબઈ ૪૦૦ ૦૭૫. **(M) 08450913478** |
| **નલિન દામજી દંડ** (PS 3955) | બી-૧, ૯૦૫, લોક એવરેસ્ટ, કો.હા.સો., જે.અસ.ડી. રોડ, સિટી ઑફ જૉયની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. **(M) 09833708891** |
| **અશોક સોમચંદ દંદ** (PS 456) | એ-૬૦૪, શઠ ગાર્ડન, કો.હા.સો., પ્રતાપરાવ ગુજર રોડ, નીલમ નગર બિલ્ડીંગ ૩ ની સામે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. **(M) Ashokbhai 9821144324, Hemlataben 9869521751, Krupa 9869011944, Daimond 9819840960** |
| **અતુલ લખમશી ધરમશી** (PS 2970) | એ-૧૨, ૩૦૧, શંખેશ્વર નગર, જૈન મંદિરની સામે, માનપાડા રોડ, સાગવ, ડોબિવલી (ઈ) ૪૨૧ ૨૦૧. **(M)** 09930959241 |
| **પરેશ વિરેંદ્ર લુડાયા** (PS 5979) | ૨૩, નૉર્થ સ્ટ્રીટ, આર. કે. નાયડૂ, લે આઉટ, વૈન્કીટપૂરમ, કોઈમ્બતુર TN 641013 **(M) 09940753111** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૧૮ | બાયઠ | દેવાંશ જસ્મીના હેમંત બોરીચા | બાયઠ | પુત્ર |
| ૧૦-૦૩-૧૮ | સાંગલી | યુઆન ભાવિકા કૌશલ ઉત્તમ ખોના | કોઠારા | પુત્ર |
| ૨૯-૦૧-૧૮ | લલીતપુર (યુ.પી) | કશીશ કિન્નરી કલ્પેશ સતીષ ધુલ્લા | સુથરી | પુત્રી |
| ૦૭-૦૩-૧૮ | બેંગલોર | યશ્વી, પૂજા કૃણાલ ખુશેન્દ્ર ધરમશી | સુથરી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| (તા. ભુલ સુધાર) ૦૬-૦૫-૧૮ | કોઈમ્બતુર | સમીર રાજેશ છગનલાલ ધરમશી (ભાટે) | સુથરી | ૨૯ |
| | ઉદયપુર | ઈશા નીતિન હીરજી લાપસિયા | દલતુંગી | ૨૬ |
| ૦૭-૦૫-૧૮ | દાવણગીરી | મયુર કિરીટ કેશવજી લોડાયા | નલિયા | ૩૦ |
| | મુલુંડ | મનીષા સુરેશ કુંવરજી દંડ | સેવક ભરૂડિયા | ૨૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૫-૧૮ | ડોમ્બીવલી | ઉદય સુરેશકુમાર મહાસુખભાઈ શાહ | પાટણ | ૩૦ |
| | ડોમ્બીવલી | ડીમ્પલ તનસુખ કલ્યાણજી છેડા | વારાપધર | ૩૨ |

### સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૪-૧૮ | હૈદરાબાદ | મહેક મહેન્દ્ર શામજી મોતા | વારાપદર | ૩૧ |
| | મુલુંડ | કાજલ પંકજ ધનજી લોડાયા | મોટી સિંધોડી | ૨૫ |

### અંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૪-૧૮ | હુબલી | બાલકૃષ્ણ શીવરામ મિસ્ત્રી | વલસાડ | ૪૪ |
| | હુબલી | નીલમ પદ્મકુમાર નાગડા | નલીયા | ૪૩ |
| ૦૫-૦૫-૧૮ | સુરત | વિરલ મહેન્દ્ર વેલજી લોડાયા | તેરા | ૩૨ |
| | ભીલાડ | ખુશ્બુ દેવેન્દ્ર ચીમનલાલ પંચોલી | નવસારી | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૪-૧૮ | મુલુંડ | કેયૂર શરદ લાલજી શિયાડ | અરીખાણા | ૨૭ |
| | ખંડવા | ધીરા ચેતન નવીનચંદ્ર નાગડા | નલીયા | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૫-૧૮ | ગાંધીધામ | હીરાવંતી શાંતીલાલ દંડ (આનંદ પરિવાર) | તેરા | ૮૦ |
| ૧૨-૦૫-૧૮ | છાદુરા | લલીત હિરાચંદ જેઠાભાઈ દંડ | નલીયા | – |
| ૧૨-૦૫-૧૮ | ધુલીયા | જયાબાઈ ઠાકરશી ગોશર | ગોએર સમા | ૯૨ |

### કચ્છી કસબ - ૧૨૦ નો ઉકેલ

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) રાંગરાઇ (૩) મંઢીપ્યો (૪) ધારો (૫) કંઢો (૬) વેંગો (૮) સાંસા (૯) કંઢા (૧૧) વેસે (૧૨) રીસ (૧૪) જોર (૧૫) જતો (૧૬) ખન (૧૮) ખેસ (૧૯) અચો (૨૧) રમ (૨૨) મોલ (૨૩) ભેત (૨૫) તોર (૨૭) બેકત્રેક (૨૯) વિચોણી (૩૦) ફટા (૩૧) ભેઠ (૩૨) ડોબરો

ઊભી ચાવીઓ -
(૧) રાંક (૨) રાગો (૩) મંઢો (૪) ધાગો (૫) કંસારી (૬) વેંઢાર (૭) ભાંસેતો (૯) કંજો (૧૦) ફાંફાસ (૧૧) વેજ (૧૩) સખર (૧૭) નમતો (૧૮) ખેલ (૨૦) ચોવક (૨૩) ભેરાંઇભેર (૨૬) બેણી (૨૭) બેજ (૨૮) ત્રેગડો (૨૯) વિટારેલી (૩૩) બરો (૩૪) રોગો (૩૬) ડાઇ

## નેપ્ચ્યુન ગ્રુપના શ્રી નયન ભેદાને "Best Iconic Commercial Award"






આપણી જ્ઞાતિના યુવા અને ઉત્સાહી બિલ્ડર શ્રી નયન અશોક ભેદા, વારાપધર (મુલુંડ), (મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટી) નેપ્ચ્યુન બિલ્ડર્સને ભાંડૂપ ખાતેના **ઈસ્ટર્ન બીઝનેશ ડીસ્ટ્રીક પ્રોજેક્ટ** માટે (કોન્ફેડરેશન ઓફ રીઅલ એસ્ટેટ ડેવલપર્સ અસોસીએશન ઓફ ઈંડિયા અને મહારાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ હાઉસીંગ ઈન્ડસ્ટ્રીઝ) **CREDAI MCHI GOLDEN PILLAR AWARD** દ્વારા **"Best Iconic Commercial Award"** (નવી પરિકલ્પના ધરાવતા સર્વશ્રેષ્ઠ પ્રોજેક્ટ માટેનો એવોર્ડ) તા. ૫ મે ૨૦૧૮ના એનાયત કરવામાં આવ્યો હતો. નેપ્ચ્યુન ગ્રુપના શ્રી નયન ભેદા તથા શ્રીમતી એકતા ભેદાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.


- **C.A. Hirachand Damji Dand,** Manjal Reladiya
hirachanddand@gmail.com


# હાર્દિક અભિનંદન



**કેજલ અશ્વીન દેવજી મૈશેરી**
(નલિયા - બેંગલોર)



**ચિ. કેજલ** M.B.B.S.ની પરીક્ષા
**Vydehi Institute of Medical Science & Research Centre, Bangalore** થી
**ફર્સ્ટ ક્લાસ**માં પાસ કરેલ છે.

**તે બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતીની શુભેચ્છા...**

**-: શુભાશિષ :-**


**માતુશ્રી નવલબેન દેવજી આણંદજી મૈશેરી પરિવાર** (બેંગલોર)
**માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર** (મુલુંડ)
માતા-પિતા : **સૌ. ઉષા અશ્વીન મૈશેરી**
બહેન : **યેશીકા અશ્વીન મૈશેરી એવમ્**
**સમસ્ત મૈશેરી અને ધરમશી પરિવાર**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (14-05-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

તં દેવ દેવ મહિઅં... સિરસા વંદે મહાવીરં...
અમારી કુળદિપીકા – ડોંબિવલીરત્ન
પ.પૂ. સુસાધ્વી **સંયમપ્રિયાશ્રીજી** મ.સા. ની
પ્રથમ દીક્ષાતિથિ–સંયમ જીવનની અનુમોદનાર્થે



॥ નમો નમઃ શ્રી જિનશાસનાય ॥
જયવંતુ જયકારી જગહિતકારી સુદેવ–સુગુરૂ–સુધર્મને નમો નમઃ
॥ અચલગચ્છ શણગાર શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ–ગુણ–ગુણોદય–
કલા–કવી–વીર–મહોદયસાગરસૂરિ ગુરૂ પરંપરાને નમો નમઃ ॥
પ્રવચન પ્રભાવક પ.પૂ. **દેવરત્નસાગરજી** મ.સા.ની
ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે



ધર્મો રક્ષતિ રક્ષિતઃ
અ.સૌ. સોનલબેન દિપકભાઈ મૈશેરીના
પ્રથમ વરસીતપની અનુમોદનાર્થે



## શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી ના ઉપક્રમે

ધર્મનગરી – અચલગચ્છના ગઢ સમા સમસ્ત ડોંબિવલીની ધન્ય ધરા પર
સર્વ પ્રથમ જ વાર એક જ તારીખે... એક જ દિવસે... એકી સાથે...

| પ્રભાવક નિશ્રા | કૃપા | પ્રેરણા |
|---|---|---|
| આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. | અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. | ડોંબિવલીરત્ન પ.પૂ.મુનિરાજ શ્રી **દેવરક્ષિતસાગરજી** મ.સા. (વીરબાળ) |

**સામુદાયિક 1008 આયંબિલનું એલાન**

શાસનરક્ષા – વિશ્વશાંતિ – અચલગચ્છ ઉન્નતિ– ડોંબિવલી ગામ–ઘર–પરિવાર સહુના મંગલાર્થે

## ચાલો, એક આયંબિલ કરીએ....

**પાવન દિવસ :**
વિ.સ. ૨૦૭૪, જેઠ સુદ ૧૩, રવિવાર, તા. ૨૭-૫-૨૦૧૮,
બપોરે ૧૧.૦૦ વાગ્યા થી પ્રારંભ...

**પાવન સ્થળ :**
શ્રી સુવિધિનાથ જૈન દેરાસર, શ્રી અચલગચ્છ જૈન સંઘ,
માનપાડા રોડ, જગન્નાથ કોમર્સ પ્લાઝાની સામે, ડોંબિવલી (ઇ).

નોંધ : ૧. રૂા. ૧૦ આપી પાસ મેળવી લેવા ભલામણ. ૨. આયંબિલ કરવા પધારો ત્યારે ફરજિયાત પાસ સાથે લઇ પધારશો. પાસ હશે તેને જ પોતાના રૂા. ૧૦ પરત મળશે. ૩. ઉકાળેલુ ગરમ પાણી સાથે લઇને પધારશો. ૪. પ્રભાવના કાજે ઘરેથી થેલી લાવવાનું ભૂલશો નહી. ૫. ૨૦ વર્ષથી નીચેના તમામ બાલક-બાલિકા જે આયંબિલ કરશે તેનું વિશિષ્ટ બહુમાન કરાશે.

**હે ગુરૂદેવ દેવરત્નસાગરજી મહારાજા !!!**
પ્રભુ પ્રત્યે ભક્તિ હતી, વચનમાં લબ્ધિ હતી, કાર્યોમાં શક્તિ હતી,
ડોંબિવલી શ્રી સુવિધિનાથ દાદાની પ્રતિષ્ઠાના પ્રસંગમાં જે પ્રાણ રેડયા છે,
તે ઉપકાર કેમ કરીને ભુલી શકાય...
વિ.સં. ૨૦૬૦ માં આપે કરેલું ચાતુર્માસ ચિર સ્મરણીય રહ્યું.
આપની જ પ્રબળ પ્રેરણા અને પ્રયત્ને ગુરૂ 'ગુણ' ના
નામને... કામને... જીવંત રાખવા ડોંબીવલીમાં જ
શ્રી ગુણ વાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્ર નો પ્રારંભ થયો
છેલ્લાં ૧૪/૧૪ વર્ષથી અખંડપણે
અવિરત નવકારના ૬૭ પરિવારોથી ચાલુ થયેલી યાત્રા
આજે ૨૩૫ પરિવારો જેનો લાભ લઈ રહ્યા છે.
સેંકડો સાધર્મિકોની બેલી... તારણહાર...
હજારો આંખે વહેતી અશ્રુ ધારાને લૂંછનાર...
હે ગુરૂદેવ આપની પુણ્યતિથિએ આપને નમન...

**ગુરૂ 'દેવ'ની યાદમાં... સ્મૃતિમાં...**
વાર્ષિક પુણ્યતિથિઓ ઉજવાઇ
પ્રથમ પુણ્યતિથિ
ઘાટકોપર જીરાવલ્લા દરબારે
બીજી પુણ્યતિથિ
રાજસ્થાન બાડમેર મુકામે
ત્રીજી પુણ્યતિથિ
ડોંબિવલી નવનીત નગરે
હવે ચોથી પુણ્યતિથિ
અંબરનાથ શિબિર તથા
ડોંબિવલી સુવિધિનાથના દ્વારે

**ગુરૂદેવના પગલે ચાલનારા હે દેવરક્ષિત મહારાજા!!!**
પ્યારા પરમાત્મા મહાવીરસ્વામી તથા લાડીલા ગુરૂદેવ દેવરત્નસાગરજી મહારાજાની
અપરંપાર કૃપાનો ધોધ વરસી રહ્યો છે આપની ઉપર...
ગુરૂ મહારાજાની વિદાય બાદ
નાલાસોપારા ચાતુર્માસે ૫૦૦૦ આયંબિલના મનોરથ સેવેલા
તે ૫૮૦૦ થયા ને ૨૭ થડા બંધાયા
ડોંબિવલી ચાતુર્માસે ૯૦૦૦ આયંબિલના ભાવ રાખેલા
તે ૧૧,૫૦૦ થયા ને ૫૫ થડા બંધાયા
નવી મુંબઇ (વાશી) ચાતુર્માસે ૫૦૦૦ આયંબિલ નો સંકલ્પ રાખેલો
તે ૬૦૦૦ થયા ને ૫૩ થડા બંધાયા
ધન્ય છે આપના આયંબિલ પ્રત્યેના પ્રેમને...હવે જ્યારે આપે ભાવના ભાવી છે કે
આપની જન્મભૂમિ... કર્મભૂમિ... ડોંબિવલીની ધન્ય ધરા પર
૧૦૦૮ આયંબિલો થાય, જે દેવ–ગુરૂ કૃપાએ સફળ થયા વગર રહેશે નહીં.

**આયંબિલ - પ્રભાવના - સમગ્ર આયોજનના લાભાર્થી પરિવાર**

## માતુશ્રી જયાબેન દેવશી મૈશેરી

હ. પરમ ગુરૂભક્ત કુ. મોક્ષા / સોનલબેન દિપકભાઈ મૈશેરી
(કચ્છ : નાની સિંઘોડી – હાલે : ડોંબિવલી)



**સમસ્ત ડોંબિવલીના સર્વે સંઘોમાં પૂજ્યશ્રીની પધરામણી અને પ્રવચન**
તા. ૧૯ નવનીતનગર /તા. ૨૦ સુવિધિનાથ / તા. ૨૧ વેસ્ટ નમિનાથ /તા. ૨૨ વેસ્ટ મુનિસુવ્રત અને લારકીન્સ નગર /
તા. ૨૩ જીરાવલ્લા અને રાખી / તા. ૨૪ રાજસ્થાન સંઘ / તા. ૨૫ પાંડુરંગ વાડી / તા. ૨૬ ગોગ્રાસવાડી

લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી

BINITA S. MARU - 9869034162

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,